# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૩૦/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

.............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લી.

શૈલેષભાઈ પટેલ
કાર્યાલય મંત્રી,
ભાજપ–સુરત મહાનગર

- **૧૬૮–ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારમાં ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર.**
- **ગોડાદરા, ડીંડોલી, પરવટ, લિંબાયત વિસ્તારમાં પ્રચાર દરમ્યાન લોકો સ્વયંભૂ જોડાયા.**
- **ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાં ''વિકાસ'' ''અવિરત'' રહે તે માટે લોકોએ ઝંખનાબેનને ભારી મતોથી જીતાડવા ''સંકલ્પ'' લીધો.**
- **ઉત્તર ભારતીય સમાજની મહિલાઓ શ્રીમતી ઝંખનાબેન પટેલને ભેટી પડી, લાગણીશીલ દ્રશ્યો સર્જાયા.**

૧૬૮–ચોર્યાસી વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલનો ચૂંટણી પ્રચાર જોર શોરથી શરૂ થઈ ચૂક્યો છે. પ્રતિ દિન હજારો કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચારમાં જોડાઈ રહ્યા છે.

શ્રીમતી ઝંખનાબેન પટેલે આજે ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારમાં આવતા ગોડાદરા, ડીંડોલી, પરવટ, લિંબાયત વિસ્તારમાં પ્રચાર કર્યો હતો. આ દરમ્યાન ઉપરોક્ત વિસ્તારની સોસાયટીઓમાં રહેતા લોકોએ તેઓને આવકાર આપ્યો હતો. ઘણા લોકો ભાજપ કાર્યકર્તાઓ સાથે પ્રચારમાં જોડાયા હતા. આ વિસ્તારના લોકોએ ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારમાં "વિકાસ" "અવિરત" રહે તે માટે શ્રીમતી ઝંખનાબેન પટેલને ભારી મતોથી વિજયી બનાવવા "સંકલ્પ" લીધો હતો.

ગોડાદરા ખાતે આવેલી સોસાયટીઓમાં રહેતી ઉત્તર ભારતીય સમાજની મહિલાઓ શ્રીમતી ઝંખનાબેન પટેલને ભેટી પડી હતી. આ દરમ્યાન લાગણીશીલ દ્રશ્યો સર્જાયા હતા. શ્રીમતી ઝંખનાબેન પટેલે હરહંમેશ પ્રજાની સાથે રહી તેઓના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા કોલ આપ્યો હતો.

પ્રચાર દરમ્યાન ઉત્તર ભારતીય સમાજના અગ્રણી તેમજ શહેરના પૂર્વ ડે. મેયર શ્રી દયાશંકરસિંહ, શ્રી રાજેન્દ્ર ઉપાધ્યાય, કોર્પોરેટર શ્રીમતી રીનાબેન ઉપાધ્યાય, શ્રી સંતોષ પાંડે, શ્રી ઓમકાર મિશ્રા, શહેર યુવા મોરચાના મહામંત્રી શ્રી પંકજ તિવારી સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો જોડાયા હતા.